# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે.

2) આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ - વિભાજન દરમિયાન જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ માટે કાર્યક્રમોનું આયોજન.

3) વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર અને લાઇબેરિયાના વિદેશ મંત્રી સારા બેયસોલોવ ન્યાન્તીએ નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી.

4) ઉત્તરાખંડના ચમોલીમાં નિર્માણાધીન જળવિદ્યુત પ્રોજેક્ટ સ્થળે ભૂસ્ખલન થતાં સાતના મોત અને 14 ઇજાગ્રસ્ત.

5) ભારતે રાષ્ટ્રમંડળ તલવારબાજી સ્પર્ધામાં 13 સુવર્ણ સહિત 35 ચંદ્રક જીતી ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું.

6) FIBA અંડર-18 એશિયા પુરુષ બાસ્કેટબોલ કપ-2026માં આજે ભારત અને જાપાન વચ્ચે મુકાબલો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ- ADDRESS (MUST BROADCAST)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંજે સાત વાગ્યે પ્રસારિત થશે. દૂરદર્શનની બધી ચેનલો પર સંબોધનનું હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે. ત્યારબાદ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં તેનું પ્રસારણ કરાશે.

આકાશવાણીના પ્રાદેશિક કેન્દ્રો પરથી રાત્રે સાડા નવ વાગ્યે સંબોધનનું પ્રાદેશિક ભાષાઓમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

# PARTITION HORRORS REMEMBERENCE DAY

દેશભરમાં આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્ર 1947ના વિભાજન દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા અને અસહ્ય વેદના સહન કરનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.

સાંભળીએ એક અહેવાલ.........

VOICE CAST: ANUPAM

**विभाजन विभीषिका स्मृति दिवस के अवसर पर राजधानी दिल्ली सहित देश भर में विभिन्न कार्यक्रम आयोजित किए जा रहे हैं. 2021 में सरकार ने हर वर्ष 14 अगस्त को विभाजन विभीषिका स्मृति दिवस के रूप में मनाने का निर्णय लिया था. यह दिवस आने वाली पीढ़ियों को विभाजन के दौरान लोगों द्वारा झेले गए दर्द और पीड़ा की याद दिलाता है.**

કેન્દ્રીય સંસ્કૃતિમંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ગઇકાલે નવી દિલ્હીમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની પૂર્વસંધ્યાએ આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# I DAY - DELHI METRO

સ્વતંત્રતા દિવસ પર સવારે 4 વાગ્યે દિલ્હી મેટ્રોની સેવાઓ તમામ ટર્મિનલ સ્ટેશનોથી શરૂ થશે. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન -DMRCએ જણાવ્યું કે, સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેનારા ખાસ મહેમાનો, આમંત્રિતો અને સામાન્ય લોકોની અવરજવરને સરળ બનાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મેટ્રો સેવાઓ દિવસના નિર્ધારિત સમયપત્રક મુજબ, બધી લાઇનો પર 30 મિનિટની ફ્રીક્વન્સી પર કાર્યરત રહેશે.

# MONSOON SESSION

સંસદનું ચોમાસુ સત્ર સંપન્ન થયું છે. ગઈકાલે બંને ગૃહોને કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. આ સત્ર 20 જુલાઈના રોજ શરૂ થયું હતું અને 25 દિવસમાં કુલ 19 બેઠક મળી હતી. સંસદમાં જાહેર પરીક્ષાઓ સુધારા વિધેયક સહિત કુલ 12 વિધેયક પસાર કરવામાં આવ્યા હતા.

રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને સત્ર સમાપન ભાષણમાં ગૃહમાં વારંવાર વિક્ષેપો અંગે ચિંતા વ્યક્ત કરી. અગાઉ, લોકસભા દ્વારા પસાર ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, 2026ને રાજ્યસભાએ ગઈકાલે મંજૂરી આપી હતી.

# INDIA-LIBERIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને લાઇબેરિયાના વિદેશ મંત્રી સારા બેયસોલોવ ન્યાન્તીએ ગઈકાલે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ બેઠકમાં વેપાર, રોકાણ, કૃષિ, આરોગ્ય, ઉર્જા, ખાણકામ, શિક્ષણ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બંને દેશોએ ક્ષમતા નિર્માણ અને લોકો-થી-લોકોના સંપર્કોને મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો. બંને મંત્રીઓએ બહુપક્ષીય મંચો પર સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# CJI-INTERVIEW

મુખ્ય ન્યાયમૂર્તિ ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું કે, સર્વોચ્ચ અદાલત ન્યાયતંત્રમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું, અદાલત કાર્યવાહીનું જીવંત પ્રસારણ આ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. શ્રી સૂર્યકાંતે DD ન્યૂઝ સાથેની એક મુલાકાત દરમિયાન આ વાત કહી.

ન્યાયાધીશ સૂર્યકાન્તે સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ કરેલા જીવંત પ્રસારણની ક્લિપ્સના દુરુપયોગને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું. તેમણે ન્યાયિક સુધારાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા વિશે વાત કરતા, ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું, સર્વોચ્ચ અદાલતે કેસોની પેન્ડિંગ સંખ્યા ઘટાડવા માટે ઘણા પગલાં લીધા છે.

## BYTE - ન્યાયાધીશ સૂર્યકાન્ત

**मेरी प्राथमिकता केवल प्रशासन की ही उपलब्धियां नहीं होंगी, उसमें बहुत सारे ऐसे क्षेत्र हैं जिनके अंदर हमें कार्य करना है और इस सफलता के लिए काम करना है। उसमें देश में जो केस पेंडेंसी है उसको लेकर के हमने विशेष कार्य करने का एक निश्चय किया। केस मैनेजमेंट का डोकेट मैनेजमेंट जिसको बोलते हैं कोर्ट में उसके ऊपर हमने एक सुचारू रूप से योजना बनाई। और कुछ ऐसे मामले जो बहुत ही संवेदनशील मामलों को पहले निर्णय करने का हमने फैसला किया।**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VIRENDRA KUMAR - NCSC

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમાર આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક પરિષદની 5મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠક દરમિયાન, પરિષદ વરિષ્ઠ નાગરિકોના કલ્યાણને લગતા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે. મંત્રાલયે જણાવ્યું કે, આ ચર્ચાઓ આંતર-મંત્રીસ્તરીય જોડાણને વધુ મજબૂત બનાવવાની અને વરિષ્ઠ નાગરિકો માટે ગૌરવ, સુરક્ષા, અને સુખાકારીનું જીવન સુનિશ્ચિત કરવા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા પર કેન્દ્રિત રહેશે.

# GIRIRAJ - HANDLOOM HAAT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહ આજે નવી દિલ્હીમાં હેન્ડલૂમ હાટ-હાથશાળ અનુભવ કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે. આ કેન્દ્ર ભારતના સમૃદ્ધ હાથશાળ વારસાને અનુભવવા, સમજવા અને જોડવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

કાપડ મંત્રાલયે જણાવ્યું કે, આ કેન્દ્રમાં ભારતની હાથશાળ પરંપરા પ્રદર્શિત કરાશે. જેમાં 24 પુરસ્કાર વિજેતા વણકરોના અને 30થી વધુ પસંદગીની બ્રાન્ડના ઉત્પાદનોનો પણ સમાવેશ થાય છે.

# UTTARAKHAND-TUNNEL

ઉત્તરાખંડમાં, ચમોલીના પીપલકોટીમાં નિર્માણાધીન જળવિદ્યુત પ્રોજેક્ટ સ્થળે ભૂસ્ખલન અને પાણીના લીકેજને કારણે સર્જાયેલી દુર્ઘટનામાં ગઈકાલે સાતના મોત અને 14 ઇજાગ્રસ્ત થયા છે. પોલીસ, SDRF, CISF અને અન્ય એજન્સીઓ રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલી છે.

આ અંગે ચમોલીના DM ગૌરવ કુમારે વધુ માહિતી આપી..

## BYTE: GAURAV KUMAR DM

**टनल का कुछ पोर्शन धंस गया है, उसमें पानी आ गया था और पानी आने के कारण लगभग 21 से अधिक लोग थे, जिसमें से सभी को रेस्क्यू कर लिया गया है। रेस्क्यू किए गए लोगों में 14 लोग जिंदा हैं और 7 को मृत घोषित किया गया है। वर्तमान में रेस्क्यू काम में थोड़ी सी बाधा हो रही है क्योंकि पानी लगातार आ रहा है।**

# VIJAYAWADA VARANASI FLIGHT

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ ગઈકાલે વિજયવાડા અને વારાણસી વચ્ચે સીધી હવાઈ સેવાનો પ્રારંભ કરાવ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નાયડુએ જણાવ્યું કે, આ પહેલ શ્રી કનક દુર્ગા અમ્મા અને બાબા કાશી વિશ્વનાથના દિવ્ય મંદિરો વચ્ચે યાત્રાધામ પર્યટનને મજબૂત બનાવશે.

# COMMMANWELTH FENCING

ભારતે નાઇજીરીયાના લાગોસમાં રાષ્ટ્રમંડળ તલવારબાજી સ્પર્ધામાં 13 સુવર્ણ, આઠ રજત અને 14 કાંસ્ય સહિત 35 ચંદ્રક જીત્યા. આ સાથે ભારતે સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવ્યું છે. સ્પર્ધાના ચોથા દિવસે, ભારતીય સિનિયર ખેલાડીઓએ છ સ્પર્ધામાં પાંચ સુવર્ણ ચંદ્રક જીત્યા.

ભારતે પુરુષોની સેબર, મહિલા સેબર, પુરુષોની એપે, મહિલા એપે અને મહિલા ફોઇલ સ્પર્ધામાં સુવર્ણ જીત્યા, જ્યારે પુરુષોની ફોઇલમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

# FIBA U-18 ASIA CUP

FIBA અંડર-18 એશિયા પુરુષ બાસ્કેટબોલ કપ-2026માં આજે ભારત અને જાપાન વચ્ચે મુકાબલો થશે.

ગઇકાલે અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્પર્ધાના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયાએ થાઇલેન્ડને 102-32ના સ્કોરથી હરાવ્યું હતું, જ્યારે અન્ય એક મેચમાં ફિલિપાઇન્સને ચાઇનીઝ તાઇપેઈ સામે 89-88થી જીત મળી હતી. અન્ય એક મેચમાં ન્યુઝીલેન્ડે સીરિયાને 67-58થી હરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, 23 ઓગસ્ટ સુધી ચાલનારી આ સ્પર્ધામાં 16 દેશોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

# IAF-COMBAT

સ્ક્વોડ્રન લીડર ભાવના કંથે ફાઇટર કોમ્બેટ લીડર તરીકેની લાયકાત મેળવનાર ભારતીય વાયુસેનાની પ્રથમ મહિલા અધિકારી બનીને ઇતિહાસ રચ્યો. તેમણે ગ્વાલિયર સ્થિત ટેક્ટિક્સ એન્ડ એર કોમ્બેટ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી આ સિદ્ધિ મેળવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતીય વાયુસેનાએ જણાવ્યુ કે, આ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે જે વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને લડાઇ કુશળતાની વાયુસેનાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે છત્તીસગઢમાં ખૂબ જ ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ આપ્યું છે. વિભાગે આજે ગંગા પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

વિભાગે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ સહિત ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદની આગાહી પણ કરી છે. જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, કેરળ, માહે, મધ્યપ્રદેશ, ઉપ હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ આવી સ્થિતિ રહેવાની શક્યતા છે.

દિલ્હી, પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને પંજાબમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન, આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંતરિક કર્ણાટકમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે અખબારોમાં મુખ્યત્વે સંસદના ચોમાસું સત્ર અંગેના સમાચાર છપાયા છે.
- સંદેશ, નવગુજરાત સમય અને ફૂલછાબ લખે છે કે, ચોમાસું સત્ર ધોવાયું, સંસદ અચોક્કસ મુદ્દત માટે સ્થગિત, લોકસભા 19% જ ચાલી, રાજકીય ખેંચતાણ યથાવત.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, લાલ કિલ્લા બોમ્બ વિસ્ફોટમાં અલ કાયદાનો હાથ હતો: UN
- ગુજરાત સમાચાર લખે છે કે, બાંગ્લાદેશમાં વીજ કટોકટીથી અંધારું: ભારત પાસે વીજળી માગી.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, અમરેલીમાં આવતીકાલે 80માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી, રાજ્યના શ્રમિક પરિવારોને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અમર્યાદિત ખર્ચે સારવાર મળશે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન - AMCની શબવાહિની સેવા હવે નિ:શુલ્ક: 50 રૂપિયાનો વર્ધી ચાર્જ રદ, મેડિકલ અને ડેન્ટલની 8 હજાર 755 બેઠક સામે 16 હજાર 221 વિદ્યાર્થી નોંધાયા: 35%નો ઘટાડો જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.